
# GSLV માર્ક-૩નું સફળ લોંચીંગ

## ૪૨.૪ મીટર લાંબા રોકેટ પર ૧૫૫ કરોડનો ખર્ચ કરાયો : માર્ક-૩ ટેસ્ટ ફ્લાઈટનું મિશન સંપૂર્ણપણે સફળ હોવાનો ઈસરો દ્વારા દાવો કરાયો : ૩૦૦ અબજ ડોલરના વૈશ્વિક અંતરિક્ષ ઉદ્યોગમાં ભારતની એન્ટ્રી



શ્રીહરિકોટા,તા. ૧૮

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)એ શ્રીહરિકોટા સ્થિત સતીષ ધવન સ્પેશ સેન્ટરથી દેશના હજુ સુધીના સૌથી ભારે રોકેટ જીએસએલવી માર્ક-૩ને સફળરીતે લોન્ચ કર્યા બાદ મોટી સફળતા મેળવી લીધી છે. સફળ ટેસ્ટની સાથે જ અંતરીક્ષ સંશોધનના ક્ષેત્રમાં ભારતે એક મોટી સફળતા મેળવી લીધી છે. સ્પેશ સેન્ટરથી સવારે આશરે ૯.૩૦ વાગ્યે લોન્ચ કરવામાં આવેલા આ રોકેટની લંબાઈ ૪૨.૪ મીટર છે અને તેના ઉપર કુલ ૧૫૫ કરોડનો ખર્ચ થયો છે. નવી જનરેશનના ૬૩૦ ટનના આ રોકેટના લોન્ચની સાથે જ ઈસરોએ વધુ એક ઉલ્લેખનીય અને ઐતિહાસિક સફળતા મેળવી લીધી છે. લોન્ચ બાદ ઈસરોના ચેરમેન કે રાધાકૃષ્ણને કહ્યું હતું કે, માર્ક-૩

ટેસ્ટ ફલાઈટ મિશન સંપૂર્ણ પણે સફળ છે. આના સફળ પરીક્ષણની સાથે જ હવે ભારત એવા દેશોની યાદીમાં સામેલ થયું છે જે અંતરીક્ષમાં મોટા સેટેલાઈટ મોકલવા માટે સક્ષમ છે. જીએસએલવી માર્ક-૩ની ડિઝાઈન ઈસરો દ્વારા તૈયાર કરવામાં આવી છે. આની ડિઝાઈન ઈસરોને ઈનસેટ-૪ શ્રેણીના ૪૫૦૦ અને ૫૦૦૦ કિલોગ્રામ વજનવાળા દૂરસંચાર સેટેલાઈટ લોન્ચ કરવામાં મદદરૂપ થશે અને ઈસરોને આત્મનિર્ભર બનાવશે. આના બે ફાયદા થશે. એકબાજુ ભારે સેટેલાઈટ મોકલવાના મામલામાં ભારત આત્મનિર્ભર બનશે સાથે-સાથે અબજો ડોલરના કોમર્શીયલ લોન્ચિંગ માર્કેટમાં ભારતની ક્ષમતામાં વધારો થશે. જીએસએલવી માર્ક-૩ના લોન્ચિંગના સમય અંગે નિર્ણય મિશન રેડીનેસ રિવ્યુ એન્ડ લોન્ચ ઓથોરાઈઝેશન બોર્ડની બેઠકમાં લેવાયો હતો. ઈસરોના એક એન્જિનિયરે કહ્યું હતું કે, આના કાઉન્ટડાઉન માટે અવધિ ઓછી રખાઈ હતી. રોકેટ ઉપર ૧૪૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

શ્રીહરિકોટાથી ઉડાણ ભર્યા બાદ તરત જ ઈસરો દ્વારા અન્ય ટેસ્ટ કરાયા હતા. સૌથી શક્તિશાળી સેટેલાઈટ લોન્ચ વિકલનું સફળ પરિક્ષણ કરાયા બાદ નવી આશા જાગી છે. માનવ રહિત ક્રૂ મોડ્યુઅલનું પરિક્ષણ પણ કરાયું હતું. એક વખતે ઓપરેશનલ બની ગયા બાદ જીએસએલવી માર્ક-૩ પરિભ્રમણ કક્ષામાં ચાર ટનથી વધુ વજનના સેટેલાઈટને મુકી શકશે. હાલમાં ભારતની ક્ષમતા કરતા બે ગણી ક્ષમતા વધશે.જીએસએલવીના ટેસ્ટથી ભારત વધુ વિદેશી પ્રવાસીઓને આકર્ષિત કરી શકશે. આજના પ્રયોગથી વધુ એક મોટી સફળતા પણ મળી છે.

# લડાખ સરહદી ક્ષેત્રમાં ચીની સૈનિકોની ફરી ઘુસણખોરી

## ત્રણ કલાક સુધી મડાગાઠ બાદ પરત ફર્યા : લડાખમાં ૧૫ બટાલિયન તૈનાત કરવામાં આવી : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૮

ભારત અને ચીનના જવાનો વચ્ચે પખવાડિયા સુધી ચાલેલી મડાગાંઠનો અંત આવ્યાના બે મહિના બાદ ચીની સૈનિકોએ ફરી એકવાર ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરી કરી છે. લડાખમાં ચીની સૈનિકોએ ઘુસણખોરી કર્યા બાદ ત્રણકલાક સુધી તંગ સ્થિતી રહી હતી. જો કે ચીની સૈનિકો થોડાક સમય સુધી ભારતીય ક્ષેત્રમાં રહ્યા બાદ પરત ફર્યા હતા. ભારત અને ચીની સૈનિકો વચ્ચે છેલ્લી મડાગાંઠ ચુમાર-ધેમચોક વિસ્તારમાં થઈ હતી. આ વિસ્તારમાં હમેંશા માઈનસ ૩૦ ડિગ્રી તાપમાન રહે છે. ગૃહ મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે સપ્ટેમ્બરમાં જે રીતે ઘુસણખોરી થઈ હતી તેવી જ રીતે બન્ને પક્ષો વચ્ચે આની શરૂઆત થઈ હતી. સુત્રોએ કહ્યું હતું કે ચીની પીએલએના જવાનો તેના નાગરિકોને ટેકો આપવા ભારતીય પ્રદેશમાં ઘુસી ગયા હતા. બન્ને દેશોના નાગરિકો વચ્ચે ખેંચતાણ વચ્ચે આ લોકો ઘુસી ગયા હતા. ભારતીય સુરક્ષા ટુકડી પણ પહોંચી ગઈ હતી. તેમના પ્રદેશમાં પરત જતા રહેવા ચીની સૈનિકોને સમજાવવામાં આવ્યા હતા. આશરે ત્રણ કલાક સુધી તેમને સમજાવ્યા બાદ ચીની સૈનિકો પરત ફર્યા હતા. સપ્ટેમ્બર મહિનામાં આ જ રીતે ચીની સૈનિકો ઘુસી ગયા હતા. છેલ્લા થોડાક વર્ષોમાં ચીની સૈનિકો વારંવાર ઘુસણખોરી કરતા રહ્યા છે. ભારત અને ચીની સૈનિકો ૪૦૫૭ કિલોમીટર લાંબા એલએસી પર આક્રમક રીતે પેટ્રોલિંગ કરતા રહ્યા છે. ગયા વર્ષે પુર્વીય લડાખના ડીબીઓ સેક્ટરમાં દેપસાંગ ખીણમાં પીએલએના સૈનિકો ૧૯ કિલોમીટર વિસ્તારમાં ઘુસી ગયા હતા. ગયા વર્ષે એપ્રિલ-મે મહિના દરમિયાન ૨૧ દિવસ સુધી મડાગાંઠની સ્થિતી રહી રહી ત્યારે બાદ સ્થિતી હળવી બની હતી. ચીની પ્રમુખ જિનપિંગની ભારત યાત્રા દરમિયાન ઘુસણખોરીનો મુદ્દો ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે ઉઠાવ્યો હતો.

# મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ લખવીને જામીન મળતા વિવાદ

## પેશાવરમાં હુમલો છતાં ત્રાસવાદ પ્રત્યે પાકિસ્તાનનું બેવડુ માપદંડ : પાકિસ્તાનની અદાલતે તોઇબાના કમાન્ડર લખવીને જામીન આપ્યા : લખવી અને અન્ય છ દ્વારા બુધવારના દિને જામીન માટે અરજી કરવામાં આવી હતી

લાહોર,તા. ૧૮

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કૂલ ઉપર કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલા બાદ પણ પાકિસ્તાનનું વલણ ત્રાસવાદના મુદ્દે બેવડું દેખાઈ રહ્યું છે. મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ ગણાતા હાફીઝ સઈદ ગઈકાલે ભારત સામે ઉશ્કેરણીજનક નિવેદન કરતો દેખાયા બાદ આજે આજ દિશામાં વધુ કેટલાક સંકેત મળ્યા હતા જે દર્શાવે છે કે, પાકિસ્તાન ત્રાસવાદના મુદ્દે ખુબ હળવું વલણ ધરાવે છે. મુંબઈના ભીષણ હુમલાના માસ્ટર માઈન્ડ ગણાતા ઝાકીર ઉર રહેમાન લખવીને આજે પાકિસ્તાનની આતંકવાદ વિરોધી કોર્ટે જામીન આપી દીધા હતા. લશ્કરે તોઈબાના કમાન્ડર તરીકે તે રહેલો છે. મુંબઈ હુમલામાં સંડોવણીનો સીધો આક્ષેપ જાકીર

ઉર રહેમાન લખવી ઉપર કરવામાં આવ્યો છે. એટીસીએ ૫૦૦૦૦૦ના બોન્ડ ઉપર તેને જામીન આપવામાં આવ્યા છે. ફેડરલ ઈન્વેસ્ટીગેશન એજન્સી એફઆઈએના પ્રોસીક્યુટર જામીનની વિનંતી સાથે સહમત ન હતા. જો કે, લખવીનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ રિઝવાન અબ્બાસીએ કોર્ટમાં ઉપસ્થિત રહીને તીવ્ર રજૂઆત કરી હતી. જામીનની અરજી આખરે મંજુર કરવામાં આવી હતી. બુધવારના દિવસે લખવી અને અન્ય છ દ્વારા જામીન અરજી કરવામાં આવી હતી. વકીલોએ આતંકવાદી હુમલાને વખોડી કાઢીને વિરોધ કર્યો હતો.પેશાવરમાં આર્મી સ્કૂલ ઉપર કરવામાં આવેલા હુમલામાં ૧૪૮થી વધુના મોત થયા હતા. લશ્કરે તોઈબાના કમાન્ડર લખવી, અબ્દુલ વાજીદ, મઝહર ઈકબાલ, સાદીક સાહીદ જમીલ રિયાઝ, જમીલ અહેમદ અને યુનાસ અંજુમની મુંબઈ હુમલામાં ભૂમિકા બદલ ૨૦૦૯માં ધરપકડ કરવામાં આવી હતી. વાણિજ્ય પાટનગર મુંબઈમાં કરાયેલા હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. મુંબઈ હુમલા માટે નાણાં અને અન્ય મદદ કરવાનો તેમના ઉપર આક્ષેપ કરાયો હતો. તેમની સામે ટ્રાયલ ખુબ ધીમીગતિએ ચાલી હતી. પાકિસ્તાને કબૂલાત કરી છે કે, મુંબઈ હુમલા માટેનું કાવતરું પાકિસ્તાનમાં ઘડી કાઢવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈમાં અનેક આતંકવાદીઓ એક સાથે મળીને જુદી જુદી જગ્યાઓ ઉપર હુમલા કર્યા હતા. ૨૬-૧૧



મુંબઈ હુમલામાં એક માત્ર જીવતા પકડાયેલા આતંકવાદી કસાબને મોડેથી ફાંસી આપવામાં આવી હતી. બીજી બાજુ પાકિસ્તાનમાં આતંકવાદીઓ સામે કોઈ કાર્યવાહી થઈ રહી નથી. ખુબ ધીમીગતિએ તેમની સામે પ્રક્રિયા ચાલી રહી છે. ભારતે અનેક વખત ડોઝિયર પુરાવા સાથે આપ્યા હોવા છતાં પાકિસ્તાને આની પણ અવગણના કરી હતી. હવે જાકીર ઉર રહેમાનને જામીનથી વધુ નારાજગીનું મોજુ ફરી વળ્યું છે.

# ધર્માંતરણ મુદ્દે મોદીના નિવેદનની માંગને લઈને સમગ્ર વિપક્ષ મક્કમ

## ભારે ધાંધલ ધમાલ વચ્ચે રાજ્યસભાની કામગીરી ફરી મોકૂફ કરાઈ : આનંદ શર્મા અને નકવી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ : ચર્ચાથી દૂર ભાગવાનો મોદી સરકાર પર આક્ષેપ : વિપક્ષ પાસે કોઇ મુદ્દા જ નથી : પ્રકાશ જાવડેકર

નવીદિલ્હી,તા. ૧૮

ધર્માંતરણના મુદ્દે ભારે હોબાળો આજે પણ યથાવતરીતે



જારી રહ્યો હતો. રાજ્યસભાની કામગીરી દિવસભર માટે ખોરવાઈ ગઈ હતી. વિરોધ પક્ષોએ વડાપ્રધાનની ગેરહાજરીમાં ધર્માંતરણના મુદ્દે ચર્ચા કરવા તૈયારી દર્શાવી નથી. વિરોધ પક્ષોએ ધાંધલ ધમાલ જારી રાખી હતી. વિરોધ પક્ષના સાંસદો ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. નાયબ અધ્યક્ષ કુરિયનને કહ્યું હતું કે, તેઓ નિસહાય છે. ગૃહને મોકૂફ રાખવાની ફરજ પડી રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ કહ્યું હતું કે, અમે ચર્ચા માટે જ્યાં સુધી વડાપ્રધાન આવશે નહીં ત્યાં સુધી ગૃહને ચાલવાની મંજુરી આપીશું નહીં. આનંદ શર્માનો

ઉલ્લેખ કરીને નકવીએ કહ્યું હતું કે, તેઓ પોતે અને તેમની પાર્ટી ગૃહમાં જુની ફોર્મ્યુલા લાવી રહી છે. ચર્ચા માટે દરખાસ્ત લાવનાર સાંસદ પી રાજીવને આની શરૂઆત કરવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ રાજીવે કહ્યું હતું કે, વડાપ્રધાન હાજર રહેવા જોઈએ અને જવાબ આપવા જોઈએ. શરૂઆતમાં થોડાક સમય માટે કાર્યવાહી મોકૂફ કરવામાં આવી હતી. કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, મુદ્દા નહીં ધરાવનાર વિપક્ષ ચર્ચાથી પણ ભાગે છે. નકવી એકહ્યું હતું કે, ચર્ચાનો જવાબ કોણ આપશે તે અંગે વિપક્ષ ફરજ પાડી શકે નહીં. ગૃહપ્રધાન રાજનાથસિંહે કહ્યું હતું કે, આંતરિક સુરક્ષાનો મુદ્દો તેઓ પોતે હાથ ધરી રહ્યા છે જેથી તેઓ ચર્ચાનો જવાબ આપશે. એવી શક્યતા છે કે, વડાપ્રધાન પણ આવી શકે છે અને જવાબ આપી શકે છે. વડાપ્રધાન આજે ગૃહમાં ઉપસ્થિત રહ્યા ન હતા.

ધર્માંતરણ મુદ્દે વડાપ્રધાનના નિવેદનની માંગ સતત થઈ રહી છે. આનંદ શર્મા અને નકવી વચ્ચે ઉગ્ર શાબ્દિક બોલાચાલી થઈ હતી. ધર્માંતરણના મુદ્દે સમગ્ર વિપક્ષ વડાપ્રધાન ચર્ચાનો જવાબ આપે તેવી માંગ ઉપર મક્કમ રહ્યા છે.

# જાકીઉર રહેમાન લખવીને જામીન મળતાં ભારત ખફા

## લખવીને જામીન ખુબ જ કમનસીબ બાબત છે : પેશાવરખાતે આતંકવાદી હુમલો થયો છે ત્યારે જામીન અયોગ્ય : પાકિસ્તાને હાઈકોર્ટમાં જવું જોઈએ : રાજનાથ

નવીદિલ્હી,તા. ૧૮

મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને સીધી સંડોવણી ધરાવનાર તોઈબાના કમાન્ડર જાકીઉર રહેમાન લખવીને જામીન આપવામાં આવતા ભારતમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ભારતમાં આકરી પ્રતિક્રિયા આપવામાં આવી છે. ગૃહમંત્રાલય દ્વારા નિવેદન જારી કરીને જણાવવામાં આવ્યું છે કે, આ ખુબ જ કમનસીબ બાબત છે. ખાસ કરીને આ બનાવ એવા સમયે બન્યો છે જ્યારે પેશાવરમાં આર્મી સ્કૂલમાં આતંકવાદી હુમલો થયો છે. પાકિસ્તાન આગામી કોર્ટમાં અપીલ કરી શકે છે. પાકિસ્તાનને મુંબઈ હુમલા કેસની ટ્રાયલને નવી સપાટી ઉપર લઈ જવા માટે વધુ ગંભીરતા દર્શાવવાની જરૂર છે. પાકિસ્તાનનું વલણ સ્પષ્ટપણે નજરે પડે છે. તેનું બેવડુ માપદંડ રહેલું છે. ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે નિવેદન કરતા કહ્યું હતું કે, આ ખુબ જ કમનસીબ બાબત છે. પાકિસ્તાન હાઈકોર્ટમાં અપીલ કરશે તેવી અમને આશા છે.

લખવીના જામીન રદ કરવામાં આવે તેવી ઈચ્છા અમારી રહેલી છે. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાન સરકાર તરફથી કેટલીક ખામાઓ પણ હોઈ શકે છે. આ એક એવો નિર્ણય છે જેના કારણે ભારતમાં લોકોમાં નારાજગી રહેશે. નારાજગી સ્પષ્ટ બાબત છે. પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરી પણ કહી ચુક્યા છે કે, સારા તાલિબાન અને ખરાબ તાલિબાન નથી. આતંકવાદ સામે લડત ચલાવવામાં આવશે. ભારતમાં તમામ રાજકીય પક્ષોએ પણ આની સામે નારાજગી વ્યક્ત કરી છે. બીજી બાજુ પાકિસ્તાનમાં ભારતીય મિશન પણ લખવીને આપવામાં આવેલા જામીન સામે જોરદાર રજૂઆત કરવાના મુડમાં છે.

# ફંડના ઓકિસજન વગર સ્પાઈસ જેટ સામે ખતરો

## કટોકટીગ્રસ્ત સ્પાઇસ જેટના ૫,૩૦૦ કર્મીમાં ભારે ભય : પાઇલોટ અને અન્ય ટોપના અધિકારી અન્યત્ર જતા રહ્યા છે પરંતુ સ્ટાફના અન્ય સભ્યો જોબને લઇ ભારે ચિંતાતુર

નવી દિલ્હી,તા. ૧૮

રોકડ કટોકટીનો સામનો કરી રહેલા લો કોસ્ટ કેરિયર સ્પાઈસ જેટના કુલ ૫૩૦૦ કર્મચારીઓમાં હાલ નોકરીને લઈને ભારે દહેશત જોવા મળી રહી છે. કારણ કે ફંડના ઓક્સિજન વગર લો કોસ્ટ કેરિયર સ્પાઈસ જેટ ટકી શકશે કે કેમ તેને લઈને ભારે ચિંતા છે. પાઈલોટ સહિતના ટોપના હોદ્દા પર રહેલા કર્મચારીઓ સ્પાઈસ જેટ સાથે છેડો ફાડી અન્ય કંપનીઓમાં લાગી ગયા છે પરંતુ અન્ય સ્ટાફના સભ્યો ચિંતાતુર દેખાઈ રહ્યા છે. તેમની નોકરીને લઈને આ લોકો પરેશાન છે. સ્પાઈસને જો જરૂરી ફંડ નહી મળે તો શુ થશે તેને લઈને કર્મચારીઓમાં ભારે દહેશત છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ૧૩૦થી વધારે પાઈલોટ તેમના રાજીનામા આપી ચુક્યા છે. આ એરલાઈન પાસે ૩૩ બોઈંગ ૭૩૭ વિમાનો હતા પરંતુ હવે માત્ર ૨૦ વિમાનો જ રહ્યા છે. જે સેવામાં સક્રિય છે. આ પૈકી ઓછામાં ઓછા પાંચ પરત લઈ લેવામાં આવ્યા છે. એરલાઈનની દરરોજની દરરોજની ફ્લાઈટ સંખ્યા હવે ૩૩૨ તી ઘટીને ૨૩૦ થઈ ગઈ છે. જો તે બચી શકશે નહી તો વધારે તકલીફ રહેશે. એરલાઈનના સુત્રોએ કહ્યું છે કે કટોકટીગ્રસ્ત સ્પાઈસ જેટની પાસે હાલમાં સ્ટાફમાં ઘટાડો થયો છે. સ્પાઈસ પાસે સ્ટાફની વાત કરવામાં આવે તો ૫૩૦૦ કર્મચારી છે.

# પાંચ દિવસથી ચાલતી મંદી પર અંતે બ્રેક : ૪૧૬ પોઈન્ટ અપ

## સેંસેક્સ ૨૭૧૨૭ની સપાટીએ બંધ રહેતા કારોબારીઓ સંતુષ્ટ : નિફ્ટી ૧૩૦ પોઇન્ટ ઉછળી ૮૧૫૯ની સપાટીએ : બધા સેક્ટરલ ઇન્ડેક્સમાં સુધારો રહ્યો : કન્ઝ્યુમર ડ્યુરેબલ ઇન્ડેક્સમાં પાંચ ટકાથી વધુનો ઉછાળો

મુંબઈ,તા. ૧૮

શેરબજારમાં છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર આજે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ સુધરીને બંધ રહ્યો હતો. ફેડના વલણ અને આર્થિક સુધારાના દોર વચ્ચે સેંસેક્સ આજે ૪૧૬ પોઈન્ટ સુધરીને ૨૭૧૨૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૩૦ પોઈન્ટ સુધરીને ૮૧૫૯ની સપાટીએ રહ્યો હતો. મોટા કાઉન્ટરોની વાત કરવામાં આવે તો મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૨.૬ અને ત્રણ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. દરમિયાન વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય ઈક્વિટીમાં બુધવારના દિવસે ૧૬૩૬.૩૬ કરોડનું વેચામ કર્યુંહતું. દરમિયાન આર્થિક સુધારાના દોર વચ્ચે યુએસ ફેડરલ રિઝર્વએ કહ્યું છે કે, વ્યાજદરોમાં

વધારાના સંદર્ભમાં યોગ્ય નિર્ણય લેવામાં આવશે. સેક્ટરલ મોરચે તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં આજે તેજી રહી હતી. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં પાંચ ટકાનો સુધારો રહ્યો હતો. બીએસઈ મેટલ, પાવર, રિયાલીટી અને કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં સુધારો થયો હતો. આ તમામમાં ૨-૩ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. બેંકેક્સમાં ૨.૫ ટકા જેટલો સુધારો રહ્યો હતો. ફાયનાન્સિયલ શેરોમાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી. આઈસીઆઈસીઆઈ બેંકમાં ચાર ટકાનો સુધારો રહ્યો હતો. એસબીઆઈમાં ૧.૬ ટકા જેટલો સુધારો રહ્યો હતો. સિગારેટ બનાવતી કંપની અને ઈન્ડેક્સ હેવીવેઈટ આઈટીસીમાં ૦.૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. મિડિયા અહેવાલ મુજબ તમાકુને ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ હેઠળ આવરી લેવામાં આવશે. તાતા મોટર્સમાં બે ટકાનો સુધારો રહ્યો હતો. કોલ ઈન્ડિયાના શેરમાં પણ સ્થિતિ સારી રહી હતી. માર્કેટ બ્રીડ્થ આજે હકારાત્મક રહી હતી. તેમાં ૨૧૭૨ શેરમાં તેજી રહી હતી અને ૬૮૪ શેરમાં મંદી રહી હતી. એશિયન બજારોમાં પણ મિશ્ર સ્થિતિ જોવા મળી હતી. એકબાજુ હેંગસેંગ ઈન્ડેક્સમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે ચાઈના એન્ટરપ્રાઈઝ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. ભેલ, એનટીપીસી, તાતા પાવર અને એલ એન્ડ ટીમાં સુધારો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે સતત પાંચમાં દિવસે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે બુધવારે સેંસેક્સ અને નિફ્ટી બંને ઘટાડા સાથે બંધ રહ્યા હતા. કારોબારના અંતે સેંસેક્સ ૭૧ પોઈન્ટ ઘટીને ૨૬૭૧૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૮ પોઈન્ટ ઘટીને ૮૦૩૦ની સપાટીએ રહ્યો હતો. શરૂઆતી કારોબાર દરમિયાન સેંસેક્સ એક વખતે બુધવારે ૨૩૦ પોઈન્ટ સુધી ઘટી ગયો હતો.

# મોદી સરકાર કામગીરી અંગે રિપોર્ટ રજૂ કરવા માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૧૮

નરેન્દ્ર મોદી સરકાર તેની છ મહિનાની કામગીરી અંગે રિપોર્ટ કાર્ડ ટુંક સમયમાંજ દેશની સમક્ષ રજૂ કરશે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકારે રિપોર્ટ કાર્ડ રજૂ કરવા માટેની અંતિમ તૈયારી કરી લીધી છે. સુત્રોના જણાવ્યા મુજબ છેલ્લા છ મહિનાના ગાળા દરમિયાન જે કામગીરી કરવામાં આવી છે તે એક બુકલેટ મારફતે રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે. ચર્ચા છે કે સરકાર ૨૫મી ડિસેમ્બરના દિવસે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસે રિપોર્ટ કાર્ડ રજૂ કરવા ઈચ્છુક છે. આ દિવસને સરકારે સુશાસન દિવસ તરીકે ઉજવવાની જાહેરાત પહેલાથી જ કરી દીધી છે. ચર્ચા છે કે આ બુકલેટમાં શ્રેણીબદ્ધ બાબતોનો ઉલ્લેખ રહેશે. મોદી સરકારના ૧૮૦ દિવસના ગાળામાં એટલે કે છ મહિનાના ગાળામાં યુ ટર્ન પર વિપક્ષની બુકલેટનો આના મારફતે જવાબ આપવામાં આવશે. કોંગ્રેસ પાર્ટી પહેલાથી જ મોદી સરકારના છ મહિના પૂર્ણ થયા બાદ સરકારને ભીંસમાં લેવા માટે બુકલેટ લાવી ચુકી છે. એમ માનવામાં આવે છે કે પોતાના યુટર્નના કારણે મોદી સરકારની ઈમેજને કેટલાક અંશે અસર થઈ છે. આ જ કારણસર મોદી સરકાર રિપોર્ટ કાર્ડ રજૂ કરનાર છે. મોદી સરકાર રિપોર્ટ કાર્ડ મારફતે પોતાની કામગીરીને રજૂ કરીને પોતાની ઈમેજને સુધારી શકે છે. ગઈકાલે મોદીએ પોતાની સરકારના કેટલાક ટોચના પ્રધાનો સાથે બેઠક યોજી હતી અને વિવિધ મામલે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, વેંકૈયા નાયડુ, અરૂણ જેટલી અને નિતિન ગડકરી હાજર રહ્યા હતા. સુત્રોએ કહ્યું છે કે પીએમ દ્વારા તમામ મંત્રાલયોને છેલ્લા છ મહિના દરમિયાન કરેલી કામગીરી અને ખાસ કરીને સિદ્ધીની વિગતો માંગી છે. આ રિપોર્ટ કાર્ડમાં જન ધન યોજના, મેક ઈન ઈન્ડિયા, સાંસદ આદર્શ ગ્રામ યોજના અને કિસાન વિકાસ પત્ર સહિત અન્ય યોજના સામેવલ છે. સ્વચ્છતા અભિયાનની બાબત પણ સામેલ છે.

# સમાચાર ઝલક

- ભૂતપૂર્વ નાણામંત્રી પી. ચિદંમબરમની સીબીઆઇએ પુછપરછ કરી.
- ઓબામાની યાત્રા પર આતંકી હુમલાના ભયથી દેશભરમાં સાવચેતી.
- ઠંડીને લપેટમાં ગુજરાત.
- વાપીમાં ૫ લાખની ચીલઝડપ, બેન્કમાં પૈસા ઉપાડી ઘરે જતાં ચીલઝડપ બની.
- દિલ્હીમાં બે હોટલો ઉપર આતંકીઓની નજર, ગુપ્તચર બ્યુરોનો અહેવાલ.
- કચ્છની સરકારી સિવિલ હોસ્પિટલમાં અપુરતી સુવિધા મુદ્દે હાઇકોર્ટ લાલઘૂમ.
- રાજયમાં અગરબત્તી ઉદ્યોગ વૈશ્વિક ખુશ્બુ પ્રસરાવવા સજ્જ અમદાવાદમાં ૫૦૦૦૦ હજારને મળતી રોજી
- ૨૦૧૫માં ચાર-પાંચ લાખ નવી નોકરીઓ ઊભી થશે.
- મોબાઇલ ક્રાંતિ : સ્માર્ટ ફોનના વેચાણમાં ૫૦ ટકાનો ઉછળો.
- બળાત્કારના ૩૧૦૦૦ કેસો વડી અદાલતમાં પડતર છે.
- અમદાવાદમાં 'સેવાકાફે' માં પૈસા વગર ભરપેટ જમવા મળે છે.